# અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતાનો અભ્યાસ

ડૉ. સેજલ ત્રિવેદી
આસિસ્ટંટ પ્રોફેસર,
જે.જી. કોલેજ ઑફ ઍજ્યુકેશન ફોર વુમેન, (પી. જી.) અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

પ્રાચીન યુગ તરફ દષ્ટિપાત કરતાં તે સમયના શિષ્યો જંગલમાં આવેલ ગુરૂઓના આશ્રમમાં અભ્યાસ કરતા હતા. આમ જીવન કેળવણી પ્રાપ્ત કરતાં. જેમ-જેમ સમય વિતતો ગયો તેમ તેમ આ પ્રથામાં પણ પરિવર્તન આવતું ગયું. ગુરૂકુળોની જગ્યાએ શાળાઓએ સ્થાન લીધું. શાળાની ચાર દિવાલો વચ્ચે શિક્ષક દ્વારા કથન પદ્ધતિના વિનિયોગથી પુસ્તકો ચોક-ડસ્ટર જેવા સાધનો વડે અધ્યાપન કાર્ય શરૂ થયું. આ પરંપરા હજુ પણ જોવા મળે છે.

આપણે સામાજિક અને કૌટુંબિક જીવનમાં જોઇએ છીએ કે એકસરખા વાતાવરણમાં અને એક જ જગ્યાએ કામ કરતી વ્યક્તિ, કામ કરવા અંગેની ચોક્સાઇ, નૈપુણ્ય અને ઝડપમાં તફાવત જોવા મળે છે. એક સમાન આર્થિક, સામાજિક વાતાવરણ અને એક સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતા બે શિક્ષકોને એક સરખી તાલીમ આપીને શિક્ષકના વ્યવસાયમાં તૈયાર કરવા, આ વ્યવસાયમાં એક સમાન રીતે સફળ કે નિષ્ફળ જોવા મળતા નથી. આસ-પાસના વાતાવરણમાં વ્યવસાય કરતા બે શિક્ષકો અને બે પ્રધ્યાપકોને સરખાવીએ, તો આ દરેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્રમાં અને કાર્યમાં એક સરખું પ્રભુત્વ ધરાવતી હોય તેવું જોવા મળતું નથી. કારણકે જુદી-જુદી વ્યક્તિઓની શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક અને અનુવાંશિક પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે. આ બધા જ પરિબળોની તેમના કાર્ય પર ઓછા પ્રમાણમાં અસર જોવા મળે છે. વિવિધ માનસિક, શારીરિક, પરિબળોમાં રસ, રુચિ, વલણ, અભિયોગ્યતા, બુદ્ધિ, સ્વાસ્થ્ય, ધીરજ, જિજ્ઞાસાવૃત્તિ જોવા અનેક પરિબળોનો સમાવેશ કરી શકાય છે.

## ૨. અભ્યાસના હેતુઓ

હેતુઓ એ સંશોધનનું 'દિશાસૂચક પાટિયું' છે. પ્રસ્તુત અભ્યાસ માટે યોગ્ય દિશા મળી રહે તે માટેના હેતુઓ નીચે મુજબ છે.

૧. અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતાનો અભ્યાસ કરવો.
૨. અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતાની કક્ષા નક્કી કરવી.
૩. અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતાની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૪. અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૩. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસ માટે નીચેની ઉત્કલ્પનાઓ બાંધવામાં આવી છે.

$Ho_1$ માધ્યમિક શાળાના સ્ત્રી અને પુરૂષ શિક્ષકોના અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ માધ્યમિક શાળાના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. નમૂનાની પસંદગી

અભ્યાસકે નમૂના પસંદગી માટે સ્તરીકૃત નમૂના પદ્ધતિ દ્વારા શાળાઓની પસંદગી કરી છે. અમદાવાદ શહેરના પૂર્વ, પશ્ચિમ અને કોટ આવી રીતે ત્રણ સ્તર પાડ્યા હતા. યાદચ્છિક રીતે શાળાઓમાંથી શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

૫. ઉપકરણ

અભ્યાસકે પ્રસ્તુત અભ્યાસ માટે સતીષપ્રકાશ શુક્લ રચિત અધ્યાપન અભિયોગ્યતા કસોટીનો ઉપયોગ કરેલ છે.

૬. માહિતી એકત્રીકરણ યોજના

માહિતી એકત્રીકતરણ માટે અભ્યાસકે માધ્યમિક શાળાઓના શિક્ષકો પાસેથી અધ્યાપન અભિયોગ્યતા કસોટીના આધારે પ્રતિભાવો મેળવવામાં આવ્યા. તે માટે અભ્યાસકે માધ્યમિક શાળાઓના શિક્ષકોની રૂબરૂ મુલાકાત લઇ તેમની પાસેથી અધ્યાપન અભિયોગ્યતા કસોટી ભરવવામાં આવી. આ પ્રકારે અભ્યાસક દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું.

૭. માહિતીનું પૃથક્કરણ અને સંશોધનનાં તારણો

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું પૃથક્કરણ માટે અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શિક્ષકોએ આપેલા પ્રતિચારોને એકત્રિત કરવામાં આવેલ વિવિધ પ્રતિચારોને આધારે કસોટીના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા. ત્યારબાદ મેળવેલ પ્રાપ્તાંકોને આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું અને તેના આધારે સરાસરી, પ્રમાણવિચલન, પ્રમાણભૂલ, ગણતરી કરી કક્ષા નક્કી કરવામાં આવી.

સારણી૧: સ્ત્રી અને પુરૂષ શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં પ્રાપ્ત પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચરણ, પ્રમાણભૂલ અને t મૂલ્ય

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચરણ | પ્રમાણભૂલ | સરાસરીનો તફાવત | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી | ૩૮ | ૫૯.૨૫ | ૧૫૪.૩૫ | ૫.૩૧ | ૨.૪૨ | ૨.૧૯ | * |
| પુરૂષ | ૬૨ | ૬૪.૫૫ | ૧૧૨.૧૯ | | | | |

df = ($n_1 + n_2$) −૨ સારણીયન મૂલ્ય

= ૩૮ + ૬૨ − ૨

= ૯૮

* 0.05 કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૧.૯૮

** 0.01 કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૨.૬૩

સારણી ૧ પરથી સ્ત્રી અને પુરૂષ શિક્ષકોના પ્રાપ્તાંકોના અવલોકિત t–મૂલ્ય ૨.૧૯ મળે છે. જે સાર્થકતા કક્ષા ૦.૦૫ ના સારણીયન મૂલ્ય ૧.૯૮ કરતાં વધુ મળે છે. તેથી શૂન્ય ઉત્કલ્પના $H_{01}$ નો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થાય. આ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના સ્ત્રી અને પુરૂષ શિક્ષકોનો અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. સ્ત્રી અને પુરૂષ શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતા સમાન જોવા નથી મળતી. સ્ત્રી શિક્ષકો કરતાં પુરૂષ શિક્ષકોનો મધ્યક વધુ આવે છે. પુરૂષ શિક્ષકોમાં અધ્યાપન અભિયોગ્યતા સ્ત્રી શિક્ષકો કરતાં વધુ જોવા મળે છે.

સારણીઃ ૨ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં પ્રાપ્ત પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચરણ, પ્રમાણભૂલ અને t મૂલ્ય

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચરણ | પ્રમાણભૂલ | સરાસરીનો તફાવત | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ | ૪૧ | ૬૪.૯૩ | ૮૫.૬૨ | ૦.૧૮ | ૨.૫૧ | ૦.૦૭ | NS |
| પશ્ચિમ | ૨૮ | ૬૫.૧૧ | ૧૧૭.૮ | | | | |

df = ($n_1$ + $n_2$) −૨ સારણીયન મૂલ્ય

= ૪૧ + ૨૮ − ૨

= ૬૭

* ૦.૦૫ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૨.૬૪

** ૦.૦૧ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૨.૬૫

સારણી ૨ પરથી પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના શિક્ષકોના પ્રાપ્તાંકોના અવલોકિત t–મૂલ્ય ૦.૦૭ મળે છે. જે સાર્થકતા કક્ષા ૦.૦૫ ના સારણીયન મૂલ્ય ૨.૬૪ કરતાં ઓછું મળે છે. તેથી શૂન્ય ઉત્કલ્પના $Ho_2$ નો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો નથી. આ પરથી કહી શકાય કે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના શિક્ષકોની અધ્યાપન અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. અને મધ્યકમાં મળતો તફાવત આકસ્મિક છે.

પ્રસ્તુત અભ્યાસ પરથી કેટલાક તારણો તારવી શકાય છે જે નીચે મુજબ છે.

૧. માધ્યમિક શાળાના શિક્ષકોમાં પૂર્વ વિસ્તારના શિક્ષકો ઉચ્ચકક્ષા અને પશ્ચિમ વિસ્તારના શિક્ષકો મધ્યમકક્ષા તથા કોટ વિસ્તારના શિક્ષકો નિમ્નકક્ષામાં આવે છે.
૨. માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષકો કરતાં પુરૂષ શિક્ષકોમાં અધ્યાપન અભિયોગ્યતા વધારે જોવા મળે છે.

સંદર્ભસૂચિ

૧. દેસાઇ, એચ.જી. અને દેસાઇ કે.જી.(૧૯૯૭). સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ, (છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૨. પટેલ, આર.એસ. (૨૦૦૯). એમ.એડ્. લઘુશોધ નિબંધના સારાંશ, (ગુજરાત યુનિવર્સિટી) અમદાવાદઃ જય પબ્લિકેશન.
૩. શુક્લ, એસ.એસ. (૨૦૧૨). એક્સલ અને પદ્ધતિ વિશ્લેષણ, અમદાવાદઃ ક્ષતિ પબ્લિકેશન.
૪. _________. (૨૦૧૧-૧૨). શૈક્ષણિક મનોવિજ્ઞાન, આગ્રાઃ અગ્રવાલ પબ્લિકેશન.